| ફિફા વર્લ્ડકપ આજની મેચો | | | | | |
|---|---|---|---|---|---|
| તુર્કીયે vs અમેરિકા | પરાગ્વે vs ઓસ્ટ્રેલિયા | નોર્વે vs ફ્રાન્સ | સેનેગલ vs ઇરાક | કેપ વર્ડે vs સાઉદી અરેબિયા | ઉરુગ્વે vs સ્પેન |
| સવારે 7.30 વાગ્યે | સવારે 7.30 વાગ્યે | રાત્રે 12.30 વાગ્યે | રાત્રે 12.30 વાગ્યે | મળસ્કે 5.30 વાગ્યે | મળસ્કે 5.30 વાગ્યે |

# મેક્સિકોએ પહેલી વાર ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચ જીતી



**ફિફા** વર્લ્ડકપમાં મેક્સિકોનું અગાઉનું પ્રદર્શન બે જીત અને એક ડ્રોનું હતું

**પહેલાથી** જ નોકઆઉટ રાઉન્ડમાં સ્થાન મેળવી ચૂકેલા મેક્સિકોએ ચેક રિપબ્લિકને 3-0થી હરાવ્યું

મેક્સિકો સિટી, તા. 25 (એપી) : બીજા હાફના પ્રારંભે માટેઓ ચાવેઝ અને જુલિયન ક્વિનોન્સે છ મિનિટના સમયગાળામાં ગોલ કરતાં મેક્સિકોએ ચેક રિપબ્લિકને 3-0થી હરાવીને પ્રથમ વખત વર્લ્ડકપ ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચ જીતી લીધી હતી.

પહેલાથી જ નોકઆઉટ રાઉન્ડમાં સ્થાન મેળવી ચૂકેલા મેક્સિકોએ પોતાની જીતનો સિલસિલો ચાલુ રાખીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. ચેક રિપબ્લિક ફક્ત એક જ પોઈન્ટ મેળવી શક્યું અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું. પોતાના પહેલા વર્લ્ડકપમાં રમી રહેલા 22 વર્ષીય ચાવેઝે 55મી મિનિટે પહેલો ગોલ કર્યો અને ક્વિનોન્સે 61મી મિનિટે ટુર્નામેન્ટમાં પોતાનો બીજો ગોલ કર્યો. બીજા હાફના ઈન્જરી ટાઈમમાં અલ્વારો ફિડાલ્ગોએ મેક્સિકો માટે ત્રીજો ગોલ કર્યો. ગ્રુપ સ્ટેજમાં મેક્સિકોનું અગાઉનું શ્રેષ્ઠ પ્રદર્શન બે જીત અને એક ડ્રો હતું, જે 1986 અને 2002માં પ્રાપ્ત થયું હતું.

ગ્રુપ A માંથી વિજેતા બનેલું મેક્સિકો મંગળવારે એઝટેકા સ્ટેડિયમ ખાતે રાઉન્ડ-ઓફ-32 મેચમાં હજુ સુધી નક્કી ન થયેલા પ્રતિસ્પર્ધી સામે રમશે. આ મેચમાં મેક્સિકોના ભૂતકાળ અને ભવિષ્ય બંનેની ઝલક જોવા મળી. 17 વર્ષની ઉંમરે, ગિલ્બર્ટો મોરા વર્લ્ડ કપની શરૂઆતની ટીમમાં સ્થાન મેળવનાર સૌથી યુવા મેક્સીકન ખેલાડી બન્યો.

## કતારને હરાવી ગ્રુપમાં ત્રીજા સ્થાને રહી બોસ્નિયા પણ નોકઆઉટમાં

**ગ્રુપ** સીમાં બ્રાઝિલ સામે સ્કોટલેન્ડ હારતા ગ્રુપ બીમાંથી બોસ્નિયા નોકઆઉટમાં પહોંચ્યું

**બોસ્નિયાનો** 18 વર્ષિય કરીમ અલાજબેગોવિક વર્લ્ડકપ ઇતિહાસનો આઠમો સૌથી યુવા ગોલ કરનારો ખેલાડી બન્યો



સિએટલ, તા. 25 (એપી) : ફિફા વર્લ્ડકપના ગ્રુપ બીમાં એકતરફ સ્વિટ્ઝર્લેન્ડ અને કેનેડાએ નોકઆઉટ માટે ક્વોલિફાય કર્યું તે પહેલા એર્મિન માહમિકના શાનદાર પ્રદર્શનથી બોસ્નિયા-હર્ઝેગોવિનાએ કતાર પર 3-1થી જીત મેળવીને પોતાની આશા જીવંત રાખી હતી અને ગ્રુપ સીના પરિણામોના અંતે બોસ્નિયા નોકઆઉટમાં પ્રવેશ્યું હતું. ગ્રુપ સીમાં બ્રાઝિલે સ્કોટલેન્ડને 0-3થી હરાવતા તેના માત્ર ત્રણ પોઇન્ટ રહ્યા અને તેનો અર્થ એ થયો કે ત્રીજા ક્રમે રહેલી માત્ર સાત અન્ય ટીમો ચાર કે તેથી વધુ પોઇન્ટ સાથે સમાપ્ત થશે, જેનાથી બોસ્નિયા નોકઆઉટમાં સ્થાન મેળવી શકશે.

આ જીતથી બોસ્નિયા-હર્ઝેગોવિનાને ત્રણ મેચમાંથી ચાર પોઈન્ટ મળ્યા અને ગ્રુપ B માં ત્રીજું સ્થાન મળ્યું. તેઓ ટોચની આઠ ત્રીજા સ્થાનની ટીમોમાં સ્થાન મેળવીને આગળના રાઉન્ડમાં આગળ વધશે. એક પોઈન્ટ સાથે કતાર ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે. બોસ્નિયાએ અગાઉ ફક્ત એક જ વાર, 201 માં, વર્લ્ડકપમાં ભાગ લઇને ગ્રુપ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ ગયું હતું. બુધવારની મેચની માત્ર 29 મિનિટ પછી કરીમ અલાજબેગોવિક વર્લ્ડકપના ઇતિહાસમાં ગોલ કરનાર આઠમો સૌથી યુવા ખેલાડી બન્યો હતો. 18 વર્ષીય અલાજબેગોવિચે 20 યાર્ડ દૂરથી એક શક્તિશાળી શોટ મારીને કરેલા ગોલથી બોસ્નિયાને લીડ મળી. 34મી મિનિટે સીડ કોલાસિનાકે ક્રોસ પોસ્ટ પર પહોંચાડીને બોસ્નિયાએ પોતાની લીડ બમણી કરી દીધી.

## દ. કોરિયાને હરાવી દ. આફ્રિકા પહેલી વાર નોકઆઉટમાં પ્રવેશ્યું

**થાપેલો** માસેકોએ 63મી મિનિટે કરેલા એકમાત્ર ગોલથી દક્ષિણ આફ્રિકાએ દક્ષિણ કોરિયાને 1-0થી હરાવ્યું

**એક** જીત અને બે હાર છતાં દક્ષિણ કોરિયા પાસેટોચની આઠ ત્રીજા સ્થાનની ટીમ તરીકે હજુ પણ તક



ગુઆડાલુપ, તા. 25 (એપી) : ફિફા વર્લ્ડકપમાં બુધવારે રાત્રે રમાયેલી એક મેચમાં થાપેલો માસેકોના ગોલથી દક્ષિણ આફ્રિકાએ દક્ષિણ કોરિયા પર 1-0 થી રોમાંચક વિજય મેળવીને પ્રથમ વખત વર્લ્ડકપના નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કર્યો હતો.

મેચની 63મી મિનિટે શેપાંગ મોરેમીના એક પરફેક્ટ ક્રોસ પર માસેકોએ હેડ ગોલ કર્યો. આ જીતથી દક્ષિણ આફ્રિકા ગ્રુપ Aમાં ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચ જીતનારા મેક્સિકો પછી બીજા સ્થાને રહ્યું. રવિવારે કેલિફોર્નિયાના ઈંગલવુડમાં નોકઆઉટ મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો ગ્રુપ બીમાં બીજા ક્રમે રહેલા કેનેડા સામે થશે. દક્ષિણ આફ્રિકા 1998, 2002 અને 2010માં યજમાન તરીકે ગ્રુપ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ રહ્યું હતું. દક્ષિણ આફ્રિકા વર્લ્ડકપમાં તેમની શરૂઆતની મેચમાં મેક્સિકો સામે 2-0થી હારી ગયું હતું, પરંતુ બાદમાં ચેક રિપબ્લિક સામે 1-1થી ડ્રો રમી હતી.

દક્ષિણ કોરિયાએ આ વર્લ્ડકપની શરૂઆત ચેક રિપબ્લિક સામે જીત સાથે કરી હતી પરંતુ તેની બીજી મેચમાં મેક્સિકો સામે 1-0થી હાર્યું હતું. તેમની પાસે હજુ પણ ટોચની આઠ ત્રીજા સ્થાનની ટીમોમાં સ્થાન મેળવીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની તક છે. દક્ષિણ કોરિયા 2002માં નોકઆઉટ રાઉન્ડમાં પહોંચનારી પ્રથમ એશિયન ટીમ બની હતી, જે એકંદરે ચોથા સ્થાને રહી હતી. તેઓ 2010 અને 2022 માં પણ અંતિમ 16 માં પહોંચ્યા હતા.

## વિનિસિયસના બે ગોલથી સ્કોટલેન્ડને હરાવી બ્રાઝિલ નોકઆઉટમાં

**પહેલી** બે મેચ ગુમાવનાર નેમાર મેચની 76મી મિનિટે સબસ્ટીટ્યૂટ તરીકે મેદાનમાં ઉતર્યો

**વિનિસિયસ** ઉપરાંત કુન્હાએ કરેલા ગોલથી બ્રાઝિલ 3-0થી જીતીને ગ્રુપ સીમાં ટોચના સ્થાને



મિયામી ગાર્ડન્સ, તા. 25 (એપી) : ફૂટબોલ વર્લ્ડકપમાં બુધવારે રાત્રે રમાયેલી એક મેચમાં વિનિસિયસ જુનિયરે પોતાનું જાદુઈ ફોર્મ ચાલુ રાખીને કરેલા બે ગોલ ઉપરાંત મેથિયાસ કુન્હાના ગોલની મદદથી પાંચ વખતના ચેમ્પિયન બ્રાઝિલે સ્કોટલેન્ડને 3-0થી હરાવીને ગ્રુપ Cમાં ટોચનું સ્થાન મેળવીને નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કર્યો.

બ્રાઝિલ બે જીત અને એક ડ્રો સાથે સાત પોઈન્ટ સાથે ગ્રુપ સીમાં ટોચે રહ્યું હતું. મોરોક્કો પણ સાત પોઈન્ટ સાથે ગ્રુપ સ્ટેજ પૂર્ણ કર્યો પરંતુ ગોલ તફાવતમાં બ્રાઝિલ પછી બીજા સ્થાને રહ્યું. સ્કોટલેન્ડના ત્રણ પોઈન્ટ છે અને તે હજુ પણ ત્રીજા સ્થાને રહેલી ટોચની આઠ ટીમોમાં સ્થાન મેળવીને આગળના રાઉન્ડમાં આગળ વધી શકે છે.

વિનિસિયસે બ્રાઝિલની ત્રણેય ગ્રુપ મેચમાં ગોલ કર્યો. સ્કોટલેન્ડ સામે, તેણે સાતમી મિનિટમાં અને હાફટાઈમ પહેલા ઈન્જરી ટાઈમમાં પણ ગોલ કર્યો. કુન્હાએ 60મી મિનિટે ગોલ કર્યો. વિનિસિયસે વર્તમાન ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં ફ્રાન્સના કાયલિયન એમબાપ્પેના ચાર ગોલની બરાબરી કરી. આર્જેન્ટિનાના લિયોનેલ મેસીએ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં સૌથી વધુ પાંચ ગોલ કર્યા છે. જમણા પગની પીઠની ઈજાને કારણે બ્રાઝિલની પ્રથમ બે મેચ ગુમાવ્યા બાદ, નેમાર 76મી મિનિટે અવેજી ખેલાડી તરીકે મેદાનમાં આવ્યો, જે તેની પહેલી મેચ હતી.

## કેનેડાને 2-1થી હરાવી સ્વિટ્ઝર્લેન્ડ નોકઆઉટમાં

**સ્વિટ્ઝર્લેન્ડ** સામે હારવા છતાં બીજા સ્થાને રહીને કેનેડા પહેલીવાર નોકઆઉટમાં પ્રવેશ્યું

**બોસ્નિયાના** પણ ચાર પોઇન્ટ પરતું ગોલ તફાવતને કારણે ત્રીજા સ્થાને રહી નોકઆઉટમાં

વાનકુવર, તા. 25 (એપી) : વર્લ્ડ કપ ફૂટબોલના ગ્રુપ બીની ગઇકાલે બુધવારે રાત્રે રમાયેલી એક મેચમાં રુબેન વર્ગાસ અને યોહાન મઝામ્બીના ગોલથી સ્વિટ્ઝર્લેન્ડે કેનેડાને 2-1થી હરાવીને પ્રથમ સ્થાન મેળવીને નોકઆઉટમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે આ મેચ હારવા છતાં, કેનેડા સ્વિટ્ઝલૅન્ડ સાથે આગળના રાઉન્ડમાં આગળ વધવામાં સફળ રહ્યું.

પ્રોમિસ ડેવિડે કેનેડા માટે મોડી રાત્રે કરેલા ગોલના કારણે કેનેડા ગ્રુપ બીમાં સ્વિટ્ઝલૅન્ડ પછી બીજા સ્થાને રહ્યું અને પ્રથમ વખત નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ્યું હતું. સ્વિટ્ઝલૅન્ડ 2 જુલાઈના રોજ વાનકુવરમાં રાઉન્ડ ઓફ 32માં ત્રીજા સ્થાનની ટીમ સામે ટકરાશે. કેનેડાને ગ્રુપમાં ટોચ પર રહેવા અને ઘરઆંગણે આગામી રાઉન્ડની મેચ રમવા માટે જીત અથવા ડ્રોની જરૂર હતી, હવે તેણે ગ્રુપ-એમાં બીજા સ્થાનની ટીમ સામે રવિવારે યોજાનારી મેચ માટે કેલિફોર્નિયાના ઈંગલવુડ જવું પડશે.

સ્વિટ્ઝલૅન્ડ સાત પોઈન્ટ સાથે ગ્રુપ બીમાં ટોચ પર, જ્યારે કેનેડા ચાર પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યું. બોસ્નિયા-હર્ઝેગોવિનાના પણ ચાર પોઈન્ટ હતા પરંતુ ગોલ તફાવતના આધારે ત્રીજા સ્થાને રહ્યું. બોસ્નિયા સામે સ્વિટ્ઝલૅન્ડની 4-1ની જીતમાં અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતરેલા મઝામ્બીએ કેનેડા સામે શરૂઆતના અગિયારમાં પોતાનું ડેબ્યૂ કર્યું. બીજા હાફની શરૂઆતના 40 સેકન્ડમાં જ વર્ગાસે સ્વિટ્ઝલૅન્ડ માટે પહેલો ગોલ કર્યો પછી, 57મી મિનિટે, બ્રીલ એમ્બોલોએ માંઝામ્બી માટે ક્રોસ કર્યો, જેનો શોટ ક્રેપીઉના હાથમાંથી નીકળીને ગોલમાં ગયો, જેનાથી સ્વિસ ટીમને 2-0ની લીડ મળી. 76મી મિનિટે કેનેડાએ સબસ્ટીટ્યૂટ ડેવિડના ગોલથી વળતો પ્રહાર કર્યો.

## રહીમી અને યાસિનના ગોલની મદદથી હૈતીને હરાવી મોરોક્કો નોકઆઉટમાં

**લેની** જોસેફે કરેલો મેચનો પહેલો ગોલવર્લ્ડકપમાં 52 વર્ષ પછી હૈતી વતી નોંધાયેલો પહેલો ગોલ બન્યો

**હૈતીએ** જોરદાર ટક્કર આપી, જો કે બે વાર પાછળ રહ્યા પછી પણ મોરોક્કોએ મેચ 4-2થી જીતી



એટલાન્ટા, તા. 25 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગ્રુપ સીની અહીં રમાયેલી એક મેચમાં સોફિયાન રહીમી અને ગાસિમ યાસીનની શાનદાર રમતને કારણે હૈતી સામે બે વાર પાછળ રહ્યા પછી વાપસી કરીને મોરોક્કોએ 4-2થી જીત મેળવી હતી અને તેથી કેરેબિયન રાષ્ટ્રની તેનો પ્રથમ વર્લ્ડકપ પોઈન્ટ મેળવવાની આશા પર પાણી ફરી વળ્યું. આ જીત સાથે મોરોક્કો નોકઆઉટ રાઉન્ડમાં આગળ વધ્યું. હૈતી તેની ત્રણેય મેચ હારી ગયું અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું.

ચાર વર્ષ પહેલાં કતારમાં રમાયેલા વર્લ્ડકપ દરમિયાન સેમી ફાઈનલમાં પહોંચનારી પ્રથમ આફ્રિકન ટીમ બનેલા મોરોક્કોએ હૈતી સામે બે વાર પાછળ રહીને વાપસી કરી. મોરોક્કોને ફિફા રેન્કિંગમાં ૭૪ સ્થાન નીચે રહેલા હૈતી તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડ્યો, જેણે 10મી મિનિટે લેની જોસેફના ગોલથી અણધારી સરસાઈ મેળવી હતી, જોસેફ આ ગોલથી 1974માં ઈમેન્યુઅલ સેનોન પછી વર્લ્ડકપમાં પોતાના દેશ માટે ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો. હૈતી બીજી વખત વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યું છે.

મોરોક્કોએ 39મી મિનિટે અશરફ હકીમીએ ગોલથી બરાબરી કરી. પરંતુ ચાર મિનિટ પછી જ જ્યારે વિલ્સન ઈસિડોરે બોક્સની બહારથી ઉપરના ખૂણામાં શોટ માર્યો ત્યારે હૈતીએ ફરીથી લીડ મેળવી.

મોરોક્કોના ઈસ્માઈલ સાબરીએ ઈન્જરી ટાઈમમાં હકીમીના ક્રોસ પ્લેસિડને હેડ કરીને હાફ ટાઈમમાં સ્કોર 2-2 કર્યો. 78મી મિનિટે રહીમીએ મોરોક્કોને 3-2થી આગળ કર્યું અને 89મી મિનિટે યાસીને ગોલ કરીને અપસેટની શક્યતાનો અંત લાવ્યો.

## શ્રીલંકા A સામે સુદર્શનની સદીથી ભારત Aનો સ્કોર 4 વિકેટે 333 રન

**પ્રથમ** બિન સત્તાવાર ટેસ્ટના પહેલા દિવસે જુરેલ અને શેખ રાશિદે અર્ધસદી ફટકારવાની સાથે શતકીય ભાગીદારી કરી



ગોલ, તા. 25 (પીટીઆઈ) : બિનસત્તાવાર ટેસ્ટ સીરીઝની આજે ગુરુવારથી અહીં શરૂ થયેલી પ્રથમ મેચના પહેલા દિવસે ઓપનર સાઈ સુદર્શનની શાનદાર સદી તેમજ કેપ્ટન ધ્રુવ જુરેલ અને શેખ રશીદની નોટઆઉટ અડધી સદીની મદદથી, ભારત A ટીમે શ્રીલંકા A સામે ચાર વિકેટે 333 રન બનાવ્યા હતા. સ્ટમ્પ સમયે જુરેલ 68 અને રાશિદ 53 રને ક્રિઝ પર હતા.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ભારત એ ટીમે ચાર દિવસીય મેચમાં શાનદાર શરૂઆત કરી હતી, જેમાં સુદર્શને 175 બોલમાં 19 ચોગ્ગા સાથે શાનદાર 132 રનનો બનાવ્યા હતા. જુરેલ અને રાશિદે પાંચમી વિકેટ માટે 116 રનની ભાગીદારી કરીને શ્રીલંકા એ ટીમની વાપસીની આશા પર પાણી ફેરવી દીધું હતું. સુદર્શને શરૂઆતથી જ સંયમ અને આક્રમકતાનું સંપૂર્ણ સંતુલન દર્શાવીને બોલરોને તેને આઉટ કરવાની કોઈ તક આપી નહીં. તેણે આયુષ પાંડે સાથે, 82 રનની ઓપનિંગ ભાગીદારી સાથે મજબૂત શરૂઆત આપી.

## આજે આયર્લેન્ડ સામે પ્રથમ ટી-20 વૈભવના સ્થાન અંગે મૂંઝવણ

**ટીમમાં** અભિષેક શર્મા, સંજૂ સેમસન અને ઇશાન કિશનના રૂપમાં ત્રણ મજબૂત ઓપનીંગ વિકલ્પ

**જો વૈભવને** ટીમમાં સમાવાય તો સેમસન અથવા અભિષેકમાંથી કોઇ એકને નીચલા ક્રમે ઉતારવો પડે

**સાંજે** 6.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર



યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં કેવી રીતે સ્થાન આપવું, તે ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે સૌથી મોટી મૂંઝવણ બની રહેશે.

બેલફાસ્ટ, તા. 25 : શ્રેયસ અય્યરની આગેવાની હેઠળ આવતીકાલે શુક્રવારથી આયર્લેન્ડ સામે શરૂ થઈ રહેલી બે મેચોની ટી-20 સીરિઝની પ્રથમ મેચમાં 15 વર્ષિય

આઈપીએલમાં શાનદાર પ્રદર્શન અને ત્યારબાદ ડામ્બુલામાં શ્રીલંકા 'એ' સામે માત્ર 29 બોલમાં 94 રનની તોફાની ઈનિંગ્સ રમ્યા બાદ, સૂર્યવંશીના ઈન્ટરનેશનલ ડેબ્યૂને લઈને ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ છે. જોકે, પ્રશંસકોની આ માગ પૂરી કરવી મેનેજમેન્ટ માટે સરળ નહીં હોય.

હાલમાં ભારત પાસે ઓપનિંગમાં સંજુ સેમસન, અભિષેક શર્મા અને ઈશાન કિશન જેવા મજબૂત વિકલ્પો છે, જેમનો તાજેતરનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. માર્ચ મહિનામાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં આ ત્રણેય ખેલાડીઓએ અર્ધસદી ફટકારીને ભારતને ચેમ્પિયન બનાવ્યું હતું.

જો ઓપનર સૂર્યવંશીને ટીમમાં સામેલ કરવો હોય, તો સેમસન અથવા અભિષેકમાંથી કોઈ એકને બેટિંગ ક્રમમાં નીચે મોકલવા પડે અથવા ટીમની બહાર રાખવા પડે, જે વર્લ્ડ કપ જીત્યા બાદ ઘણો અન્યાયી નિર્ણય ગણાશે. સેમસનને નંબર ૪ કે ૫ પર મોકલી શકાય તેમ નથી, કારણ કે આ સ્થાનો કેપ્ટન અય્યર અને વાઈસ-કેપ્ટન તિલક વર્મા માટે ફિક્સ છે. જ્યારે નંબર ૬નું સ્થાન ઓલરાઉન્ડર માટે અનામત હોય છે. જો સેમસનને ત્યાં રમાડવામાં આવે, તો ભારત માત્ર પાંચ બોલરો સાથે મેદાનમાં ઉતરી શકે, જે જોખમી સાબિત થઈ શકે છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

**પાસપોર્ટ ફીમાં વધારો:...**

સેક્રેટરી અને ચીફ પાસપોર્ટ ઓફિસર બી. એસ. મુબારકના નામે બહાર પાડવામાં આવેલા આ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, આઠ વર્ષ સુધીની ઉંમરના સગીરો અને વરિષ્ઠ નાગરિકો (૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ) માટે નવી અરજીઓ (રી-ઇસ્યુ માટે નહીં) પર પાસપોર્ટ ફીમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**કોમર્શિયલ LPG...**

અટકાવી દીધો હતો અને ઉપલબ્ધ જથ્થાને સ્થાનિક ગ્રાહકો તરફ વાળી દીધો હતો. ત્યારબાદ પુરવઠો તબક્કાવાર રીતે સામાન્ય સ્તરના આશરે ૭૦ ટકા સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો, જો કે સત્તાવાળાઓ આયાતની ઉપલબ્ધતા અંગેની ચિંતાઓ વચ્ચે ઇંધણના સ્ટોકને બચાવવા માંગતા હોવાથી કેટલાક ક્ષેત્રો તેમની સામાન્ય ફાળવણીના ૫૦ ટકા સુધીના નિયંત્રણોનો સામનો કરી રહ્યા હતા.

**વેનેઝુએલામાં સદીનો...**

કરી રહ્યા છે જેથી કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા ધરાવતા લોકોને બચાવવાની કામગીરી ઝડપી બનાવી શકાય. સરકારી ટીવી પરના ફૂટેજમાં ધૂળથી લથપથ પરંતુ જીવતા ત્રણ બાળકોને લા ગુઆયરા રાજ્યમાં કાટમાળમાંથી બહાર કાઢવામાં આવતા બતાવવામાં આવ્યા હતા. રોડ્રિગ્ઝે આ વિસ્તારને "આપત્તિ ઝોન" તરીકે ગણાવ્યો હતો અને મોટી સંખ્યામાં ઈમારતો ધરાશાયી થવાને કારણે તે ભૂકંપથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોમાંનો એક છે. રોડ્રિગ્ઝે જણાવ્યું હતું કે, "ત્યાં ડઝનેક ઈમારતો ધરાશાયી થઈ છે... અને અમે અત્યારે લોકોના જીવ બચાવવા માટે સઘન બચાવ કામગીરી ચલાવી રહ્યા છીએ. જો કે વેનેઝુએલા બહુવિધ ફોલ્ટ લાઈન્સની નજીક આવેલું છે, પરંતુ સાઉથ અમેરિકન અને કેરેબિયન પ્લેટ્સ વચ્ચેની તેની સ્થિતિને કારણે લેટિન અમેરિકાના અન્ય ભાગોની સરખામણીમાં અહીં શક્તિશાળી ધરતીકંપો આવવા ખૂબ જ અસામાન્ય છે. રોડ્રિગ્ઝે વ્યવસાયોને બચાવ કામગીરી માટે ભારે બાંધકામના સાધનો ઉપલબ્ધ કરાવવા અપીલ કરી હતી, અને ઉમેર્યું હતું કે યુનાઈટેડ નેશન્સ (યુએન) દ્વારા પ્રમાણિત સર્ચ અને રેસ્ક્યુ ટીમો પણ વેનેઝુએલા આવી રહી છે. એક અંદાજ પ્રમાણે ખરેખરો મૃત્યુઆંક ૧૦૦૦૦થી ૧૦૦૦૦૦ જેટલો હોઇ શકે છે.

યુ.એસ. જીઓલોજિકલ સર્વે (USGS) એ જણાવ્યું હતું કે ૭.૨ ની તીવ્રતાનો પ્રથમ ભૂકંપ કેરેબિયન તટ પર મોરોનની પશ્ચિમે આવ્યો હતો, જે કારાકાસથી લગભગ ૧૭૦ કિલોમીટર પશ્ચિમે છે. તેની ઊંડાઈ ૨૨ કિલોમીટર હતી. તેના બરાબર એક મિનિટ પછી, USGS એ ૭.૫ ની તીવ્રતાના બીજા ભૂકંપની માહિતી આપી, જેની ઊંડાઈ ૧૦ કિલોમીટ હતી અને તેનું ધરતીકંપ કેન્દ્ર મોરોનની દક્ષિણ-પશ્ચિમમાં ૧૬ કિલોમીટર દૂર હતું.

રોડ્રિગ્ઝે જણાવ્યું કે રાજધાનીના કેટલાક ભાગોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી અને સેલફોન કવરેજ ખોરવાઈ ગયું હતું, તેમજ ભૂકંપને કારણે દેશના મુખ્ય એરપોર્ટ 'સિમોન બોલિવર ઈન્ટરનેશનલ એરપોર્ટ'ને નુકસાન થયું હતું અને તે બંધ કરી દેવાયું હતું. કારાકાસમાં સબવે સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી અને કુદરતી ગેસનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. શાળાઓમાં પણ કેટલાક દિવસો માટે રજા જાહેર કરવામાં આવશે, અને શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે શાળાની કેટલીક ઈમારતોનો ઉપયોગ આશ્રયસ્થાનો અને દાન કેન્દ્રો તરીકે કરવામાં આવશે. ગુરુવારે સવારે, વેનેઝુએલા અને વિદેશમાં રહેતા અસંખ્ય લોકો તેમના પરિવારના સભ્યોનો સંપર્ક કરવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. પરિવારોએ પોતાના પ્રિયજનોના ફોટા સાથે ગુમ થયેલા લોકોની પત્રિકાઓ (પોસ્ટર્સ) લગાવવાનું શરૂ કર્યું, જ્યારે અન્ય લોકો હજુ પણ લાપતા લોકોની શોધમાં નામોની હસ્તલિખિત યાદીઓ શેર કરતા જોવા મળ્યા.